## જન્મદિને વધામણી



**દિનેશસિંહ ચાવડા**
અગ્રણી ઉદ્યોગપતિ
મો. : ૯૮૨૪૦૬૫૦૬૬



**અદીતિ દક્ષેન ત્રિવેદી**
કા. સભ્ય, શ્રી સમસ્ત બ્રહ્મસમાજ યુવા પરિવાર અને ટેટુ માસ્ટર
ફોન : ૨૩૨ ૮૯૭૧૯



**પ્રતિભાબેન કનુભાઈ દવે**
પૂર્વ પ્રમુખ, શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ
મો. ૯૪૨૮૭ ૩૬૯૬૫



**જશવંતરાય કે ઠાકર**
નિવૃત્ત કર્મચારી, સરકારી પ્રેસ
ફોન : ૨૩૨ ૨૬૭૦૨



**ગીરીશ આઈ વરીઆ**
મો. ૯૩૭૫૯ ૭૯૭૮૩

# “જમ્પ રોપ”ની રાષ્ટ્રીય સ્પર્ધામાં ગુજરાત રાજ્યને મળ્યા ૩૦ મેડલ્સ

ગાંધીનગર, તા. ૩

ગુજરાતના રમતવીરોએ જુદી જુદી રમતોમાં રાષ્ટ્રીય કક્ષાએ રાજ્યનું નામ રોશન કરી રહ્યાં છે. તાજેતરમાં ‘જમ્પ રોપ’ રમતની સિનિયર નેશનલ સ્પર્ધા બિહારમાં પટના ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગુજરાતની ટીમે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી ૩૦ મેડલ્સ પ્રાપ્ત કરી રાજ્યનું ગૌરવ વધાર્યું છે.

“જમ્પ રોપ”ની રમત એ શારિરિક કૌશલ્યની રમત છે, આ રમતમાં ગુજરાતની ટીમે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા રાજ્યના રમતપ્રેમીઓમાં આનંદની લાગણી છવાઈ છે. બિહારમાં રાજ્યની રાજધાની પટના ખાતે તા. ૨૨મી ઓક્ટોબરથી તા. ૨૬મી ઓક્ટોબર દરમ્યાન યોજાયેલ જમ્પરોપ રમતની સિનિયર નેશનલ સ્પર્ધામાં ગુજરાતની ટીમે ૩૦ મેડલ જીતી રાજ્યને ગૌરવ અપાવ્યું છે. આ સ્પર્ધામાં ગુજરાતના કુલ ૧૪ ખેલાડીઓએ મળીને આ તમામ મેડલ્સ જીત્યાં છે. ખેલાડીઓએ જીતેલા મેડલ્સમાં બોયઝમાં હીત પટેલે-૨, પૃથ્વીલ પટેલે-૨, કુંજ પટેલે-૨ તથા રવી, રીશી, ધૃમિલે એક એક મેડલ જીત્યા છે. જ્યારે ગર્લ્સમાં નિતી પંડ્યા, દિવ્યા પટેલ, માનસી પટેલ, શ્રેયા પટેલ, કોમલ પટેલ, કુંજલ ભાગવત, તુલસી ભાવડીયા, મેઘા સાહુ અને ક્રિષ્ણા એમ તમામે બે બે મેડલ જીત્યા છે. આમ ગુજરાતની ટીમે કુલ મળીને ૩૦ મેડલ્સ હાંસલ કર્યા છે. તે બદલ જમ્પ રોપ એસોસિએશન ઓફ ગુજરાતના પ્રમુખ દિવ્યેશ ગોહિલ તથા મંત્રી ધર્મેશભાઈએ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.



કડી સર્વ વિશ્વવિદ્યાલય સલગ્ન એ.એ.પટેલ કોમર્સ કોલેજ ખાતે સી.એ.ની પરીક્ષાનો શાંતિપૂર્ણ વાતાવરણમાં પ્રારંભ થયેલો છે. સમગ્ર ઉત્તર ગુજરાતના તમામ જીલ્લામાંથી માત્ર ગાંધીનગર ખાતે કાર્યરત એ.એ.પટેલ કોમર્સ કોલેજને સી.એ.ની પરીક્ષાનું સેન્ટર મળેલ છે, જે સતત ત્રણ વર્ષથી કાર્યરત છે. તાઃ ૧લી નવેમ્બરથી પ્રારંભ થયેલ પરીક્ષા તાઃ ૧૬ નવેમ્બર સુધી ચાલશે જેમાં સી.એ. ફાઈનલ અને આઈ.પી.સી.નાં કુલ ૨૬૦ વિધાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઉત્તર ગુજરાતના વિવિધ જીલ્લાઓ જેવાકે પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લીનાં વિદ્યાર્થીઓ આ પરીક્ષા સેન્ટરનો લાભ લઈ રહ્યા છે.

# શહીદોની શહાદતને સલામી



શ્રી કૃપા ફાઉન્ડેશન દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ અર્પવાનો એક કાર્યક્રમ ગાંધીનગર શહેરમાં યોજવામાં આવ્યો હતો. સંસ્થાનાં પ્રમુખ છાયા ખરાડી, ઉપપ્રમુખ ભારતીબેન વાઘેલા, સેક્રેટરી રવિ દવે, સંસ્થાના સભ્યો ઉપરાંત ગાંધીનગરના કલેક્ટર સતીશ પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સૌએ આ પ્રસંગે શહીદોની શહાદતને સલામી અર્પી હતી અને સાથે મળીને મીણબત્તી પ્રગટાવીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# અકિંચનોને વસ્ત્રોનું દાન



શ્રી કૃપા ફાઉન્ડેશન દ્વારા દિવાળી પર્વ નિમિત્તે ગરીબોને વસ્ત્રોનું દાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ફાઉન્ડેશનના ટ્રસ્ટી છાયા ખરાડી, ઉપપ્રમુખ ભારતીબેન વાઘેલા અને ટ્રસ્ટના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. સેક્ટર-૧૩ અને ૨૪ની ઝૂંપડપટ્ટીના ગરીબોને સંસ્થા દ્વારા વસ્ત્રોનું દાન કરવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

એક વૃક્ષમાંથી લાખો માચીસની સળીઓ બનાવી શકાય છે અને એક માચીસની સળીથી લાખો વૃક્ષો સળગાવી પણ શકાય છે. દરેકને પોતપોતાની ફિતરત હોય છે, દોસ્ત !

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
શિવાય
૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
એ દિલ હૈ મુશ્કિલ
૧૨.૦૦, ૩.૦૦, ૬.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૩**
ડૉક્ટર સ્ટ્રેન્જ (૩ડી-અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
ડૉક્ટર સ્ટ્રેન્જ (૩ડી-હિન્દી)
૪.૦૦, ૯.૪૫

**સ્ક્રીન-૫**
પાસપોર્ટ (ગુજરાતી)
૪.૦૦, ૧૦.૦૦
લવારી (ગુજરાતી)
૧.૧૫, ૬.૩૦
શિવાય
સવારે ૧૦.૦૦

**જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

### માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે

# રવિવારે ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજાશે

## સવારના ૭.૩૦થી ૯.૩૦ સુધી ઘ-૪ સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર ખાતે આશરે ત્રણ વર્ષથી નિયમિત રીતે દર માસના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. જેનો ગાંધીનગરના સુજ્ઞ વાચકો ભરપૂર લાભ લે છે. આ મહિને તારીખ ૬ઠ્ઠી નવેમ્બરના રોજ સવારના ૭.૩૦થી ૯.૩૦ સુધી ઘ-૪ સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજવામાં આવશે.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહોયગથી યોજાતી આ પુસ્તક પરબનો હેતુ ગુજરાતી ભાષાના ગૌરવનો પ્રસાર કરી સારાં પુસ્તકોના વાચનનો પ્રસાર કરવાનો છે. સાથોસાથ પુસ્તકોના આદાનપ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા લોકોમાં વાચનની ટેવ કેળવાય તેવો તેનો શુભ આશય છે. ગુજરાતમાં ૮૦ જેટલાં સ્થળોએ આ પ્રકારે પુસ્તક પરબ યોજાય છે, જેનો લાભ મોટી સંખ્યામાં પુસ્તક અને વાચકપ્રેમીઓ લઈ રહ્યા છે.

નિઃશુલ્ક યોજાતી આ પુસ્તક પરબનો લાભ લેવા માટે કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મુળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, ધુર્જટી પ્રજાપતિ, રમેશચંદ્ર શ્રીમાળી તથા દિશાન્ત ગર્ગ દ્વારા પુસ્તક ભાવકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# વિશિષ્ટો અને વડીલોને ભોજન પીરસી યુવાનોએ દિવાળી ઉજવી





સર્વ નેતૃત્વ ગ્રુપના યુવાનોએ નવા વર્ષની ઉજવણી અનોખી રીતે કરી હતી. ગ્રુપના ઉમંગ બારોટ, તન્મય પટેલ અને અન્ય સભ્યોએ સરગાસણ સ્થિત ‘માનવ સ્મૃતિ’ સંસ્થાના બાળકો અને મગોડી ખાતે આવેલ રાહેલબા વૃદ્ધાશ્રમના વડીલોને મિષ્ટાન સાથેનું ભોજન પીરસીને સૌને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. ઈન્દ્રજીતસિંહ જાડેજા અને કમલેશભાઈ બારોટે આ શુભકાર્યમાં સહકાર આપ્યો હતો.

# હોમિયોપથી અને આયુર્વેદમાં ૩૦ નવેમ્બર સુધી પ્રવેશ

ગાંધીનગર, તા. ૩

પેરા મેડિકલમાં પ્રવેશની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હાલ ખાલી બેઠકો ભરવાની સત્તા કોલેજોનો સોંપી દેવામાં આવી છે. આ સમયે અચાનક આયુષ વિભાગ દ્વારા આયુર્વેદ અને હોમિયોપથીની પ્રવેશની પ્રક્રિયા પૂરી કરવાની મુદતમાં વધારો કરીને ૩૦મી નવેમ્બર કરી આપવામાં આવી છે. આ ઉપરાંત મોડા પ્રવેશના કારણે વિદ્યાર્થીઓના ટર્મ ગ્રાન્ટ થવાના જે પ્રશ્નો ઊભા થવાના છે તેનું પણ નિરાકરણ લાવીને દરેક વિદ્યાર્થીની ટર્મ ગ્રાન્ટ કરવામાં આવશે તેવી સૂચના આપી દેવામાં આવી છે. આમ, ફરીએકવાર બાકી રહેલી કોલેજો માટે છેલ્લું રિશફલિંગ થાય તેવી સ્થિતિ ઊભી થઈ છે. જો કે, આ રિશફલિંગ પ્રવેશ સમિતિ દ્વારા કરવામાં આવશે કે દરેક સમિતિઓ પોતાની રીતે કરશે તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

મેડિકલ અને પેરા મેડિકલ પ્રવેશ સમિતિ દ્વારા દિવાળી પહેલા પ્રવેશની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. જે સમયે પ્રક્રિયા પૂર્ણ થઈ ત્યારે હોમિયોપથીની ૮ જેટલી કોલેજોની મંજૂરી આવવાની બાકી હતી. આ ઉપરાંત આયુર્વેદની પણ ૬ જેટલી નવી કોલેજોની મંજૂરી મળે તેવી શકયતા છે. આયુર્વેદ અને હોમિયોપથી કોલેજના સંચાલકો દ્વારા આ મુદ્દે આયુષ વિભાગ સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી. જેના અનુસંધાનમાં તાજેતરમાં આયુષ વિભાગ દ્વારા પ્રવેશ પ્રક્રિયાની મુદત જે ૩૦ ઓક્ટોબર સુધી હતી તે એક મહિનો વધારીને ૩૦મી નવેમ્બર સુધી કરી દેવામાં આવી છે. સૂત્રો કહે છે આયુષ વિભાગની મંજૂરી ના કારણે હવે આગામી ૧૦ દિવસમાં હોમિયોપથી અને આયુર્વેદની કોલેજોને મંજૂરી મળે તો પણ રિશફલિંગની પ્રક્રિયા થઈ શકે તેમ છે. આમ, હવે આ બન્ને કોર્સમાં નવેસરથી રિશફલિંગ થશે તે નક્કી છે. મેડિકલ અને પેરા મેડિકલ પ્રવેશ સમિતિ દ્વારા પ્રક્રિયા પૂર્ણ થયાની જાહેરાત કરી દેવામાં આવી છે. હવે હોમિયોપથીની બાકી રહેલી કોલેજો અને આયુર્વેદની નવી કોલેજોને મંજૂરી મળે તો રિશફલિંગની છેલ્લી પ્રક્રિયા કોણ કરશે તે નક્કી નથી. સૂત્રો કહે છે જો મેડિકલ પ્રવેશ સમિતિ હવે નવેસરથી રિશફલિંગ કરવા ઈન્કાર કરે તો દરેક પ્રવેશ સમિતિ દ્વારા અલગ અલગ કાર્યવાહી કરવામાં આવે તેવી શકયતા છે. સામાન્ય રીતે મોડા પ્રવેશ થાય ત્યારે ટર્મ ગ્રાન્ટનો પ્રશ્નો ઊભા થાય તેમ હતા. જો કે, આયુષ વિભાગ સમક્ષ કરાયેલી રજૂઆતના અંતે મોડા પ્રવેશ થાય તો પણ દરેક વિદ્યાર્થીઓને ટર્મ ગ્રાન્ટ કરી દેવાની પણ બાંહેધરી આપવામાં આવી છે.

# ઉત્સવો પુષ્કળ પરંતુ ઉમંગમાં ઓટ

**જીવન ઉપવન**
**મહેન્દ્ર એમ ત્રિવેદી**
mmtrivedi007@gmail.com

કુદરતે રચેલી પૃથ્વી અને તેની સજીવ સૃષ્ટિ ગજબની છે. એમાં પારાવાર વૈવિધ્ય છે, રંગ છે, ગાન છે, તાન અને સાનભાન છે. પરંતુ મનુષ્ય એવો સામાજિક સજીવ છે કે જેને સદાય નવિનતમ અને જુદું કંઈક ગમે છે અને વિવિધતામાંથી આનંદ માટે તે પ્રયત્નશીલ રહે છે. સદીઓથી ચાલી આવતી પરંપરામાંથી પણ મનનો ઉમંગ શોધવાનું તેને પસંદ છે તો બીજી તરફ આધુનિકતાને ગળે વળગાડીને પણ તેને હર્ષોલ્લાસ જોઈએ છે ! સમાજીવનનો એક ઉમદા હિસ્સો જો હોય તો એ છે ઉત્સવોની ઉજવણી અને આ પ્રકારના ઉત્સવો દ્વારા લોકજીવનનો તણાવ અને ઉદાસિનતા મહદંશે ઘટે છે. એટલે બધા જ લોકો ઉત્સવ માટે આતુર રહે છે.

ઘોંઘાટિયા, ઝડપી અને પ્રદૂષિત જીવનમાં આજે પ્રત્યેક તહેવારની ઉજવણી વધુ દમદાર થતી જાયછે. એ પછી નવરાત્રી હોય, દિપાવલી હોય કે હોળી-ધૂળેટી હોય. બસ લોકોને આ પ્રકારની ઉજવણીમાંથી દિલને સુકુન અને આનંદ લેવો છે. મોજ કરવી, ખોજ કરવી ને જીવનની મળેલી અવધિને રંગારંગ કરી લેવી એ પ્રકારનો માહોલ વધતો જાય છે. કડવી હકીકત તો એ છે કે જીવનનો સંઘર્ષ વધતો જાય છે. કોઈપણ વસ્તુની પ્રાપ્તિ કઠિન બનતી જાય છે. નોકરી-ધંધો-વ્યવસાય કે ઉદ્યોગ હોય એ બધામાં પુષ્કળ સ્પર્ધા આવી ગઈ છે. વિશ્વના ઉદારીકરણના પ્રવાહમાં આપણે પણ જોડાઈ ગયા છીએ. એટલે મનને ગમે કે ના ગમે, આપમે નવી જીવનશૈલીથી ભાગી શકીએ તેવું રહ્યું નથી.

મોંઘવારી, ભાવૃદ્ધિ અને આર્થિક અસમાનતાથી સમાજ ત્રસ્ત થઈ ગયો છે. પરિવારો હવે સંયુક્ત રહ્યા નથી અને પ્રત્યેક માણસ દેવાના બોજ હેઠળ ભીંસાતો જાય છે અને ગૃહકંકાસો, કકળાટ અને અજંપો પ્રતિદિન વધતા જાય છે ત્યારે ઉત્સવોમાંથી શાંતિ અને આનંદ શોધવા સમાજ દોડી જાય છે. પ્રશ્નોનું સમાધાન તો મળતું નથી પરંતુ ક્ષણિક માનસિકતાને રાહત-શાંતિનો અહેસાસ થાય છે.

અલબત્ત, આર્થિક રીતે જ્યાં સુધી જીવનમાં સફળતા અને સક્ષમતા પ્રાપ્ત થતી નથી ત્યાં સુધી ખરો ઉમંગ સર્જાવો અસંભવ છે. ઘણીવાર લોકો એટલા પરેશાન થઈ જાય છે કે આ તહેવારો શા માટે આવે છે ! પરંતુ નવી પેઢીના મતે માત્ર ઉન્માદ (ક્રેઝ) જ મહત્ત્વનો થયો છે. ઘણીવાર તો ઉત્સવના ઉમંગમાં વૃદ્ધિ કરવા નશાનો સહારો લેવાય છે. અનુશાસન વિના કોઈ વ્યવહારમાંથી આનંદ ન જ મળે એ સૌએ યાદ રાખવા જેવું છે.

નોંધપાત્ર અવલોકન એ પણ છે કે ઉત્સવોમાં મહિલાઓ વધુ ભાવુક થઈ જતી હોય છે. ત્યારે સમાજના મનોવૈજ્ઞાનિક તફાવતો પરિવર્તનોની નોંધ તે લઈ શકતી નથી. ઉત્સવોની મૂળ પરંપરા અને સત્ત્વ વિશે કોઈ માહિતી હોતી નથી. બસ ઉન્માદ વધે, તમાશો અને ઘોંઘાટ વધે તેવા હેતુથી પ્રજા બેફામ થઈ ઉજવણી કરે એ ખૂબ ચિંતાનો વિષય છે. આ પ્રકારના માહોલને કોઈ વખોડવા તૈયાર નથી કેમકે ધર્મ, સંપ્રદાય, જ્ઞાતિ-જાતિ વગેરેના પ્રશ્નથી જે કંકાસ કે વિવાદ થઈ પડે તેમાં કોઈ પડવા માગતું નથી અને હવે તો બધા જ પ્રશ્નોમાં મીડિયા જગત આવે અને રાજકીય રંગથી ચિત્ર ઉપસવા માંડે છે. કોણ કોને સુધારે એ મોબાઈલની માયાજાળ પછીની સ્થિતિ છે !

શિસ્ત, સંયમ, નીતિ-નિમય સાથે ઉત્સવો જો ઉજવાય તો કોક્સ રીતે દિલના ઉમંગમાં પણ વૃદ્ધિ થઈ શકે છે. પરંતુ માત્ર ઘોંઘાટ, રોશની, બેફામ ઉછળકૂદથી અજંપો અને અશાંતિ જ વધે છે એ સૌએ યાદ રાખવાનું છે.

‘કૈંક વાવો ને સીંચો એનો આદર છે નહીંતર ખેતર જેવું ખેતર પાદર છે’

